

# શ્રી સ્વામિનારાયણ ચિંતન

ફેબ્રુઆરી - ૨૦૦૯

**તમ ઉપર તન કુરબાન કર્યું, તમે હેંડો ત્યાં હું હાથ ધરું; મારા પ્રાણજીવન...**




પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદી પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમે કાનમપ્રદેશના શ્રી સ્વામિનારાયણ મંદિર - ઉંતરાજ(જી. વડોદરા)માં યોજાયેલ ભવ્ય 'પંચાબ્દિ મહોત્સવ' (તા. ૨ થી ૮ ફેબ્રુઆરી - ૨૦૦૯)

૧/૨. પ.પૂ. લાલજી મહારાજશ્રીની ગામના મુખ્ય માર્ગ ઉપર નીકળેલ ભવ્ય શોભાયાત્રા. ૩. કથાના પૂ. વક્તાશ્રીને ભાવપૂર્વક ભેટતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૪. મહોત્સવના આયોજક પૂ. ઘનશ્યામસ્વામીને ભેટતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૫. મહોત્સવના મુખ્ય યજમાનશ્રી હરિકૃષ્ણભાઈને આશીર્વાદ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૬. પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગત કરતા ઉંતરાજના નિષ્ઠાવાન ઉત્સાહી યુવાનો. ૭-૮-૯. મહોત્સવનો લાભ લેતા કાનમપ્રદેશના ભક્તજનો તથા આશીર્વાદ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૧૦. પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્ય સાંસ્કૃતિક કાર્યક્રમઆપતા ઉંતરાજના બાળકો. ૧૧. મહોત્સવ પૂર્ણાહુતિની આરતી ઉતારતા મહોત્સવના યશસ્વી યજમાનશ્રીઓ. ૧૨. કથા અંતર્ગત યોજાયેલ અન્નકૂટોત્સવ.



:: સંસ્થાપક :: :: અધ્યક્ષ ::


શ્રી સ્વામિનારાયણ

# ચિંતન

વર્ષ :- ૪, અંક :- ૮, તા. ૨૦-૦૨-૦૯

:: પ્રયોજક ::
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રકાશક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર

:: તંત્રી ::
સાધુ દિવ્યસ્વરૂપદાસજી

:: સંપાદક ::
સ્વામી શ્રી આનંદસ્વરૂપદાસજી(વેદાંતાચાર્ય)


સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના ઓક્ટોમ્બર માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ -પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

:: લવાજમના દર ::

| | |
|---|---|
| બે વર્ષ | : રૂા. ૧૬૦/- |
| પંચવાર્ષિક | : રૂા. ૩૫૦/- |
| પચ્ચીસ વર્ષ | : રૂા. ૭૫૦/- |
| પરદેશમાં લવાજમ | : $ 200 U.S.A. |
| | : £ 100 U.K. |


:: લવાજમદર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર ::
'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
Visit us : www.sardhardham.org
E-mail : amrutdhara2003@yahoo.com



આંતરરાષ્ટ્રીય
શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ 2009

૨૦૮ કરોડ મંત્રલેખન • અનેક શહેરોમાં ઉપમહોત્સવો • મહામહોત્સવ - ગઢપુર

અધ્યક્ષ : પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી - વડતાલ

ઉપાધ્યક્ષ : પ.પૂ. ૧૦૮ શ્રી લાલજી મહારાજ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી - વડતાલ


## :: અનુક્રમણિકા ::


૧ રજત જયંતિ વર્ષ કોટિ કોટિ વંદન... ૦૪
- સંકલિત

૨ પ.પૂ. લાલજી મહારાજશ્રીના ૩૬મા જન્મોત્સવ પ્રસંગે કોટિ... ૦૬
- સંકલિત

૩ ભૂલને યાદ રાખવા કરતા ભૂલ સુધારીને ભૂલી... ૦૮
- સંકલિત

૪ ભૂલોની ભૂલ ભૂલામણમાં ભૂલો પડેલો ભૂલકણો માનવી... ૧૦
- સાધુ યોગેશ્વરદાસ, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૫ સૌથી મોટી લઘુમતી સારા માણસોની છે...... ૧૨
- સંકલિત

૬ શું નથી કરવાનું એ તમને ખબર છે ? ૧૪
- સંકલિત

૭ સત્સંગ સમાચાર... ૧૬
- સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી

૮ આગામી કથા-પારાયણો તથા મહોત્સવો... ૨૩
- સંકલિત

૯ ૨૦૦૮/૯માં યોજાયેલ ભવ્ય શાકોત્સવોનું લીસ્ટ... ૨૪
- સંકલિત

૧૦ પ.પૂ. લાલજી મહારાજશ્રીનો ૩૬મો જન્મ જયંતી મહોત્સવ - સરંભડા... ૨૬
- સંકલિત



ઘેર બેઠાં સત્સંગનો અલૌકિક લ્હાવો લેવા માટે...
આજે જ ક્લીક કરો નીચે આપેલ વેબસાઈટ પર...

www.swaminarayanvadtalgadi.org
www.gopinathji.com
www.sardhardham.org
www.swaminarayan-us.org







'ધન્ય વદન એ મહાપુરુષનું, કલેશ તણું જ્યાં નામનથી; કાવ્ય રમે જેના ચહેરા પર, રાગ-દ્વેષને સ્થાન નથી !'
વડતાલ પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધ.ધુ ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના પનોતા સુપુત્ર
પ.પૂ. ૧૦૮ શ્રી લાલજીશ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ૩૬મા જન્મોત્સવ (તા. ૧૫-૩-૦૯)પ્રસંગે શતશઃ પ્રણામપૂર્વક શુભેચ્છા...



વડતાલ પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮
શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના પનોતા સુપુત્ર

# પ.પૂ. ૧૦૮ શ્રી લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ૩૬મા

## પ્રાગટ્યદિને (તા. ૧૫-૩-૨૦૦૯)શતશ: પ્રણામ પૂર્વક કોટિ કોટિ વંદના...

જન્મ સં. ૨૦૩૦ ફાગણ વદ - ૫
(રંગપંચમી) (ઈ.સ. તા. ૧૪-૩-૧૯૭૪)

સં. ૨૦૩૦ ને ફાગણ વદ પાંચમ એટલે કે રંગપંચમીના પવિત્ર દિને જન્મ ધારણ કરી, આ કળિયુગી કમઠાણને ઠીકઠાક કરવાનો ધર્મ લીધોહો ય તેમમાની શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના પ.પૂ. ૧૦૮ શ્રી લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની વૈયક્તિક સિદ્ધિ અને પ્રતિભા અપરંપાર છે.

આઠ વર્ષની નાની વયે વડતાલમાં તેઓના યજ્ઞોપવિત સંસ્કારનો ભવ્ય ઉત્સવ કર્યો હતો. ૭૦૦ બ્રાહ્મણોની વરુણી સહિત ૩૦૦ વિદ્વાન બ્રાહ્મણોની હાજરીમાં અન્ય ૨૦૦ બ્રાહ્મણ બટુકોને તેમના ઉપવિત્ત સંસ્કારની સાથોસાથ જનોઈ ધારણ કરાવવામાં આવી હતી. અને આ પ્રસંગે ૨૦૦ કુંડી હરિયાગમાં ૧ કરોડ ભગવાન શ્રીહરિના મંત્રની આહુતિ પણ અપાઈ હતી.

તેઓની ૧૧ વર્ષની વયે તેમના પિતાશ્રી પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો વડતાલ ગાદી પીઠાધિપતિરૂપે પટ્ટાભિષેક થયો ત્યારે તે જ સમયે આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની સંમતિથી વર્તમાનમાંથી નિવૃત્ત થતાં પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજે અસંખ્ય સંતો અને વિશાળ હરિભક્તોની મેદનીની હાજરીમાં ઘોષણા કરી, ઉચિત સમયે અન્ય આચાર્ય શોધવા ન પડે તે માટે ભાવિઆચાર્ય તરીકે પ.પૂ. લાલજી મહારાજ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજને લેખાવી તેમની આરતી ઉતારી હતી.

તેઓએ દક્ષિણ વિભાગના ખાનદેશ, નિમાડ, સોરાષ્ટ્ર, કાઠીયાવાડ, સોરઠ, ગોહિલવાડ, કાનમ, ચરોતર, પંચમહાલ વગેરે પ્રદેશોમાં છેલ્લા ૨૩ વર્ષ દરમ્યાન તેઓ વારંવાર ૭,૦૦૦ વખત અનેક ગામોના પ્રવાસ દ્વારા અનેક સત્સંગી હરિભક્તોને સત્સંગ જનજાગૃત્તિ અને ધર્મોપદેશને પ્રાધાન્ય આપી, દર્શન-સત્સંગ અમૃતવાણીનો લાભ આપીને હજારો હરિભક્તોના હૃદયમાં અવિચળ સ્થાન મેળવ્યું છે. ઉપરાંત અનેક અનુયાયીના વ્યવસાયી સંસ્થાનોના ઉદ્‌ઘાટનો પણ કરી ચૂક્યા છે. પ.પૂ.લાલજી મહારાજશ્રીએ શ્રીમદ્ ભાગવત્, રામાયણ, ભગવદ્‌ગીતા, મહાભારત, વેદ અને શ્રી સત્સંગિજીવન

આદિક વગેરે સંપ્રદાયના શાસ્ત્રોનું ગહન-વાંચન-અધ્યન-ચિંતન કરી, સંપ્રદાયમાં સાક્ષર ભાવિઆચાર્યના મોભાને વિસ્તાર્યા છે. તેમ લખવામાં કશું અજુગતું નથી.

વડતાલ-ગઢડા-જૂનાગઢ-ધોલેરા એમ ચારધામની ૧૧૦૦ કિ.મી. લાંબી રેલી દ્વારા સદ્‌ભાવ તથા સૌનું કલ્યાણ થાય તેવી ભાવના સાથે સત્સંગ સંદેશ લઈ વિચર્યા હતા. જેમાં ૩૫૦ ઉપરાંત સ્કુટર અને ૬૦થી વધુ કાર સાથે યુવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા. ૫૦ કિ.મી. પછી સભા સંબોધન કરી દરેકનાં હૈયામાં ટાઢક વળે તેવા અમૃતવચનો દ્વારા વિદ્વતપ્રભા પ્રગટાવી નવું જોમપ્રેર્યુ હતું અને સત્સંગની સરવાણીને પ્રવાહિત રાખી હતી. આ પ્રવૃત્તિને તત્કાલીન ગુજરાત સરકારે બિરદાવી હતી.

સને ૨૦૦૭ના ડીસેમ્બર માસમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી દ્વારા દક્ષિણ વિભાગના ભક્તજનોને દિવાળીના શુભ પર્વ બાદ નૂતન વર્ષના પ્રારંભના દિવસોમાં ધામોધામના સંતો અને અનેક ભાવિક ભક્તોની સાથે ૧૫૦થી વધારે મોટરકાર લઈને સોમનાથથી યાત્રા નીકળી હતી. આ યાત્રા દ્વારા સર્વધર્મ સમન્વય અને સર્વજીવહિતાર્થેના ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્થાપિત સિદ્ધાંત પ્રમાણે સર્વત્ર શાંતિપ્રેરક સંકલ્પ પૂર્વક ભગવાન શ્રીહરિના 'શાંતિ યાત્રારથ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

ફરેણીમાં ભગવાન શ્રીહરિએ 'સ્વામિનારાયણ' મહામંત્રની ઉદ્‌ઘોષણા કરી તેના આજે ૨૦૮મા વર્ષમાં અને પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં ભક્તજનોના શ્વાસોશ્વાસમાં એ મહામંત્ર વણાઈ જાય અને હરિભક્તો શ્રીજીમહારાજને ભજી ભક્તિના સુમન ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણારવિંદમાં અર્પણ કરી શકે તેવા શુભ હેતુથી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ૨૦૮ કરોડ મહામંત્રલેખન કરવાનું ભવ્ય આંતરરાષ્ટ્રીય લેવલે આયોજન કર્યુ છે. અને તેના અનુષ્ઠાનરૂપે ગઢપુરને આંગણે ડીસેમ્બર-૨૦૦૯માં અતિ ભવ્ય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ' ઉજવાશે.

વિનમ્રતા અને સ્વાભિમાન સાથે સમાજની સેવા કરતા રહેવાથી મળેલા પૂર્ણ સન્માન છતાં પણ અભિમાનમાં ન છકી જવાના પ.પૂ. પિતાશ્રીના આદેશને તેઓ વળગી રહે છે. તેમજ માતા-પિતા અને ધર્મપ્રતિ પ્રામાણિકતાથી કર્તવ્યનિષ્ઠ રહેવાની તેઓની પ્રતિબધ્ધતા પણ પ્રસંશનીય છે. તેઓનું સમગ્ર જીવન સમાજને સમર્પિત છે. પ.પૂ. ૧૦૮ શ્રી લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના '૩૬મા પ્રાગટ્યદિને' શતશઃ પ્રણામ પૂર્વક શુભેચ્છા સહ જય શ્રી સ્વામિનારાયણ...





### ભૂલને યાદ રાખવા કરતા

# ભૂલ સુધારીને ભૂલી જવામાં જ ડહાપણ છે...

**'ભૂંસી શકાય એટલી ફૂરસદ મળી જ ક્યાં ?**
**રેખાઓ બાકી હાથની બહુ પાતળી હતી.'** - સૈફ પાલનપુરી

ભૂલ એટલે શું ? **ભૂલ એટલે** આપણે ધાર્યું હોય કંઈક અને થઈ જાય સાવ ઊંધું. **ભૂલ એટલે** આપણી ઈચ્છાથી વિપરીત પરિણામ. ભૂલની સૌથી મોટી **બે ખાસિયત** છે. એક તો માણસ ઈરાદાપૂર્વક કોઈ ભૂલ કરતો નથી અને બીજું એ કે ભૂલ હંમેશા થઈ જાય પછી જ સમજાય છે. આપણે વિચારીએ કે આપણે જિંદગીમાં કેટલી ભૂલો કરી છે ? ઘણી બધી ભૂલો આપણાથી થતી હોય છે. ભૂલ થવી એ બહુ જ સ્વાભાવિક છે. કોઈ માણસ એમ કહે કે મેં ક્યારેય ભૂલ કરી જ નથી તો એ માણસ જગતનો સૌથી મોટો જુઠ્ઠો માણસ હશે. ભૂલ વિષે એમ પણ કહેવાય છે કે, **જે માણસે ક્યારેય ભૂલ કરી હોતી નથી એણે આખી જિંદગીમાં કંઈ કર્યું જ હોતું નથી.** કોઈપણ માણસ કોઈ કામ ભૂલ કરવા માટે કરતો નથી. આપણે જે કામ કરીએ છીએ એ તો સારા માટે અને સફળતા માટે જ કરતાં હોઈએ છીએ. કંઈક ખરાબ થાય કે નિષ્ફળતા મળે ત્યારે માણસ વિચારે છે કે, ક્યાં ભૂલ થઈ ગઈ ?

ભૂલને શોધવામાં અને ભૂલને સુધારવામાં કંઈ ખોટું નથી. ભૂલ સુધારવા માટે જ હોય છે. તકલીફ ત્યારે થાય છે જ્યારે માણસ ભૂલને ભૂલી જતો નથી. ભૂલ થઈ ગયા પછી માણસે ત્રણ કામ કરવાના હોય છે. ભૂલને સ્વીકારવી, ભૂલને સુધારવી અને ભૂલને ભૂલી જવી.

માણસનો સૌથી મોટો પ્રોબ્લેમએ હોય છે કે માણસ ભૂલ સ્વીકારી શકતો નથી. કોઈ આપણી ભૂલ બતાવે તો આપણે પહેલું કામ શું કરીએ છીએ ? આપણે ભૂલ થવાના કારણો આપવા માંગીએ છીએ. સાચા કારણો પૂરતા ન પડે તો ખોટા કારણો પણ ઊભા કરી દઈએ છીએ. **માણસ હંમેશા પોતાની ભૂલ કોઈના માથે ઢોળવાનો પ્રયત્ન કરે છે.** માણસ ભૂલની દલીલોમાં જેટલો સમય બગાડે છે એટલો સમય પણ ભૂલ સુધારવામાં વાપરતો નથી. ભૂલ થઈ ગયા પછી માણસ સૌથી મોટી ભૂલ ભૂલનું **પોસ્ટમોર્ટમ** કરવાની કરતો હોય છે.

નિષ્ફળતા એટલે શું ? **નિષ્ફળતા એટલે** ભૂલોનો સરવાળો. એક સફળ માણસને તેની સફળતાનું કારણ પૂછવામાં આવ્યું. તેણે કહ્યું કે, મારી સફળતાનું સૌથી મોટું કારણ છે, મારી ભૂલો સુધારવાની આવડત. દુનિયા નિષ્ફળ માણસોની ભૂલો યાદ રાખે છે અને સફળ માણસોની સફળતા.

તમારા પ્રયત્નોમાંથી **ભૂલો બાદ કરતાં જાવ** એટલે તમે **સરળતાથી સફળ** થઈ જશો. ભૂલો જ આપણને શીખવે છે કે શું ન કરવું જોઈએ.

એક ગુરુ તેના શિષ્યોને બાણવિદ્યા શીખવતા હતાં. શિષ્યે બાણ ચડાવ્યું. બાણ ટાર્ગેટ પર ન વાગ્યું. ગુરુએ કહ્યું કે, તે પણછ બરોબર તાણી ન હતી. ગુરુએ પણછ કેટલી તાણવી એ સમજાવ્યું. શિષ્યે પૂરતી પણછ તાણીને બાણ છોડ્યું. બાણ બરોબર નિશાન પર વાગ્યું. શિષ્યે પૂછ્યું કે, જ્યારે મેં પહેલી વખત ઓછી પણછ તાણી ત્યારે જ તમે મને કેમન કહ્યું ? ગુરુએ કહ્યું કે, **જો મેં તને ત્યારે જ કહી દીધું હોત તો તને શું ન કરવું એ ખબર જ ન પડત.** એક દાખલો ખોટો પડે પછી તેને ફરી ગણવાનો હોય છે. બીજી વખતે ગણતી વખતે જ ખબર પડે છે કે પહેલી વખતે ક્યાં ભૂલ રહી ગઈ હતી. ભૂલ થવાના **આઘાત** કરતાં ભૂલ સુધારવાનો **આનંદ** વધુ તીવ્ર હોય છે.



કેટલીક ભૂલો એવી હોય છે જે સુધારી શકાતી નથી. **કેટલીક ભૂલો એવી પણ હોય છે જે ભોગવવી જ પડે છે.** માણસ સૌથી મોટી ભૂલ વર્તનથી કરી બેસે છે. કોઈના દિલને ઠેસ વાગી જાય પછી શું ? આવા કિસ્સામાં ભૂલ સ્વીકારવી એ જ સૌથી મોટી સમજણ છે. **'આઈ એમ સોરી.'** મારો એવો ઈરાદો ન હતો. મારાથી થઈ ગયું. હવે હું ધ્યાન રાખીશ. દિલ દુભાવ્યું હોય તો દિલગીરી વ્યક્ત કરવી જોઈએ. **દિલગીરી** વ્યક્ત કરવામાં સૌથી વધુ **દિલાવરી** જોઈએ. માણસ **'સોરી'** કહેવામાં બહુ કંજૂસ બની જાય છે.

એક યુવાનથી મિત્ર સાથે ભૂલ થઈ ગઈ. બીજા મિત્રે એને સમજાવ્યો. ચાલ્યા રાખે. તું એકવાર **સોરી** કહી દે, એટલે વાત પતી જશે. મિત્રે કહ્યું, ના - હું સોરી નહીં કહું. એ કેમ મોઢું ચડાવીને ફરે છે ? મિત્રે વાત આગળ વધારી. યાર હું માણસ છું. મારાથી ભૂલ ન થાય ? આ વાત સાંભળીને બીજો મિત્ર હસવા લાગ્યો. તેણે કહ્યું, આ જ વાત હું એને કહેવાનું કહું છું. તું જે મને કહે છે એ વાત જ તારે તેને કહેવાની જરૂર છે કે **હું માણસ છું અને મારાથી પણ ભૂલ થાય.** મોટા ભાગે લોકોને માફી આપવી જ હોય છે. ઝઘડા પછી એક મિત્રે કહ્યું કે, મારે તો તેને માફી આપી દેવી છે પણ એ માંગે તો ને ! ઘણી વખત સામાન્ય જિદ અને અહંકારમાં ભૂલ વધુ વિકરાળ થઈ જતી હોય છે. માણસ ક્યારેક સોરી કહેવામાં પણ બહુ મોડું કરી નાખતો હોય છે. **ભૂલ સ્વીકારવામાં મોડું કરવું એ પણ મોટી ભૂલ જ છે.** પ્રેમ અને સંબંધોના કિસ્સામાં આ વાત **બહુ અગત્ય**ની બની જાય છે. હું તો બારણાની બાજુમાં જ ઊભો છું પણ તું બારણે ટકોરો તો માર !

ભૂલ થઈ જાય અને ભૂલ સુધરી જાય પછી ભૂલને યાદ રાખવાની કે ભૂલને યાદ અપાવવાની ભૂલ ન થઈ જાય અનુસંધાન તેનું રાખવું પણ જરૂરી છે. એક બાળકે ભૂલ કરી એટલે તેનાં પપ્પા ખીજાયાં. એ પછી વારંવાર તેના પિતા એક જ વાત કરતાં કે ધ્યાન રાખજે હોં, પાછી એ ભૂલ ન કરતો. પિતાનું આવું વર્તન જોઈ તેના મિત્રે કહ્યું કે, તારા દીકરાએ તો એક જ વાર ભૂલ કરી હતી પણ તું એની એ ભૂલ તેને યાદ અપાવીને **વારંવાર ભૂલ** કરે છે. દીકરાએ તો તેની ભૂલ સુધારી લીધી, હવે તું તારી ભૂલ સુધારી લે તો સારું.

ઓચિંતાનું કંઈક કડવું મોઢામાં આવી જાય તો આપણે કેવું થૂંકી નાખીએ છીએ ? ભૂલનું પણ એવું જ છે. ભૂલને ભૂલી જવાની. **ભૂલને વાગોળ્યા રાખીએ તો ભૂલ ભૂત બનીને વળગેલી રહે છે.** ભૂલ થઈ જાય તો ભૂલને સુધારીને ભૂલના પોટલાને માથેથી ઉતારી દેવું. **ભૂલ યાદ રાખવા માટે** હોતી નથી. **ભૂલ સુધારવા માટે અને શીખવા માટે હોય છે.** સફળ માણસો ભૂલોને જ **પગથિયાં** બનાવીને **મંજિલ** સુધી પહોંચે છે.

**'જેને ભાન થયું છે કે તેનાથી ભૂલ થઈ ગઈ છે છતાં એ સુધારવાની કોશિશ નથી કરતો તે મોટામાં મોટી ભૂલ કરી રહ્યો છે.'** - કન્ફ્યુશિયસ

"...ઓચિંતાનું કંઈક કડવું મોઢામાં આવી જાય તો આપણે કેવું થૂંકી નાખીએ છીએ ? ભૂલનું પણ એવું જ છે. ભૂલને ભૂલી જવાની. ભૂલને વાગોળ્યા રાખીએ તો ભૂલ ભૂત બનીને વળગેલી રહે છે. ભૂલ થઈ જાય તો ભૂલને સુધારીને ભૂલના પોટલાને માથેથી ઉતારી દેવું. ભૂલ યાદ રાખવા માટે હોતી નથી. ભૂલ સુધારવા માટે અને શીખવા માટે હોય છે. સફળ માણસો ભૂલોને જ પગથિયાં બનાવીને મંજિલ સુધી પહોંચે છે..."



# ભૂલોની ભૂલ ભૂલામણમાં ભૂલો પડેલો ભૂલકણો માનવી...

- સાધુ યોગેશ્વરદાસ, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

જિંદગીમાં એક ઉંમર હોય છે ભૂલો કરવાની, એક ઉંમર હોય છે ભૂલો છૂપાવવાની, પછી અનિચ્છાએ એક ઉંમર આવે છે ભૂલો સ્વીકારવાની. લોકો ક્યારેક તમારી ગંભીર ભૂલને માફ કરી દે તેવા સંજોગો હોય છે તો કદીક અમથી અમથી એવી નાનકડી ભૂલ માટે **ગંભીર સજા** ભોગવવી પડે છે. જિંદગી પોતે એક **ભૂલભૂલામણી છે.**

કહેવાય છે કે **ગંભીરમાં ગંભીર ભૂલ** એકવાર - **પ્રથમ** વાર તો ભગવાન પણ માફ કરી દે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે પરમાત્મા પોતે કોઈની પણ ભૂલ માફ કરતા ડરે છે. કારણ કે, એનાથી **પુનરાવર્તનનો ભય** રહે છે.

કેટલાક કાર્યો એવા હોય છે કે એ વધુ સારી રીતે ન થાય તો ચાલે, પણ તેમાં ભૂલ ન થવી જોઈએ. **કોઈ કામ સારી રીતે કરવું તે એક કળા છે.** પરંતુ એને **નિર્ભૂલ** રીતે પાર પાડવું એ તો **અઘરામાં અઘરી કળા** છે.

જેઓને પોતાની મર્યાદાનો ખ્યાલ નથી હોતો તેમની ભૂલો લગભગ દરરોજ **રીપીટ** થયા કરે છે. ભૂલનો સ્વભાવ પુનરાવર્તનનો છે. ભૂલના વિષયચક્રમાંથી બહાર આવવાનું કામકપરું છે.

ભૂલ કરવાથી કર્મ ફટાઈ જાય છે. શકુંતલાએ ભૂલી જવાની ભૂલ કરી. ઋષિએ પૂજા માટેના ફૂલો લેવા તેને મોકલી, રાજા દુષ્યન્તના યૌવનમાં એ મુગ્ધ થઈ ગઈ. આ મુગ્ધતા શાપિત નીવડી. ઋષિએ એને શાપ આપ્યો. તેના કારણે એ ઋષિકાર્ય ભૂલી ગઈ. તે કારણ સ્વયં શકુંતલાને ભૂલી જશે. ભૂલમાંથી ભૂલી જવાનો અભિશાપ, દરેક શાપ કોઈને કોઈ ભૂલનું પરિણામહોય છે. કોઈ શાપ આપે કે ન આપે ભૂલકર્તાએ પરિણામો માટે તૈયાર રહેવું જ પડે છે. આ પરમાત્માનો અબાધિત ન્યાય છે.

**'ટ્રાયલ એન્ડ એરર'** શબ્દ વાસ્તવિક રીતે તો પ્રયત્ન કરીને ભૂલો નિવારવા શીખવાની પદ્ધતિ છે. પરંતુ આપણે એને ભૂલો કરતા કરતા જીવવાની શૈલી માટે કામમાં લઈએ છીએ.

ભૂલો કરનારા મનુષ્યોએ એક આવી નવી ભાષા વિકસાવેલી હોય છે - **સોરી.** આ શબ્દ ભૂલો કરવા માટેનું **આંતરરાષ્ટ્રીય લાઈસન્સ** છે. કેટલાક શબ્દો બેન્ડેડ પટ્ટી જેવા હોય છે, ફટાફટ તમારા ઘાવ પર લોકો એને લગાવી આપે છે ને ચાલતા થાય છે.

પૃથ્વી પર એવો કોઈ મનુષ્ય નથી કે, જેના આયુષ્યના અવશેષે ભૂલોની લાંબી યાદી તૈયાર ન થતી હોય. કેટલાક લોકો **ભૂલો ન થાય એની સતત સાવધાની રાખે છે.** કેટલાક ભૂલ થાય તો તેને સુધારી લેવા તત્પર રહે છે. કેટલાક તો **'ભૂલ તો થાય જ'** એમ માનીને પોતાના અને બીજાના કામની દશા બેસાડી દે છે. ભૂલોને સાવ સ્વાભાવિક રીતે લેનારો એક બહુ મોટો વર્ગ છે. પણ એની આ વૃત્તિ બદલ એમને ઘણી **આકરી કિંમત** ચૂકવવી પડે છે.

માણસે જ હંમેશા ભૂલો સુધારી લેવી એવું નથી. ક્યારેક પરમાત્મા પણ ભૂલો સુધારી આપતા હોય દેખાય છે. જ્યારે ભૂલ થાય ત્યારે તે ભૂલ લાગે, પરંતુ પછીથી સંજોગો એવો પલટો લે છે કે, ભૂલ આપોઆપ યોગ્ય ઠરે છે. અપવાદરૂપ સંજોગોમાં

જ આવું જોવા મળે છે.

ભૂલો થયા પછી ભૂલોની અગ્નિચિત્તા પર બેસીને ઘણા લોકો **પરિતાપ** પામે છે. પરંતુ હાથમાંથી સરી ગયેલા સમયને શોધવા માટે ગમે તેટલા હાથ પછાડો પછી તે પાછો મળતો નથી. રમત રમતમાં બોલાયેલા શબ્દો ભૂલોના તોતિંગ શિલાલેખ બની જાય છે. સહુને યાદ રહી જાય છે, એ યાદ પછી સતાવે છે. ભૂલો ધીરે ધીરે માણસને અંદરથી અને બહારથી કોરી ખાય છે. ભૂલ થઈ જાય કે તરત તેને **સુધારી લેવામાં ન આવે તો** એ રાક્ષસી માયાની જેમ ચોતરફ વધતી જાય છે. આખરે ભૂલોના **ભયાવહ જંગલમાં** માણસ ફસાઈ જાય છે.

**ઘોડો** પગથી ભૂલ કરે છે. ઘોડો પગથી જ પડે છે, લથડે છે. ઘોડાનું મૃત્યુ એના પગથી જ થાય છે. ઘોડો જ્યારે બગડે છે ત્યારે પગથી બગડે છે. **સ્ત્રી** પહેલા નજરથી ભૂલ કરે છે. એમની નજર એને સર્વ સુખોથી દૂર-સુદૂર ફેંકી દે છે. નજરની ભૂલ સ્ત્રીની જિંદગીને એકદમ નીચે પછાડી દે છે. જે સ્ત્રીની નજર પોતાના કાબુમાં ન હોય એને એક પછી એક ભૂલો કરીને નરકની યાતનાઓને ભોગવવાના દિવસો આવે છે. નવ મહિનાને અંતે કોઈપણ ભૂલોનું પરિણામ પરમાત્મા અચૂક આપે જ છે. એ પરિણામો પર આછી પછેડી નાખનારને બીજા પરિણામોની તૈયારી રાખવી પડે છે - એમ શાસ્ત્રો કહે છે. **પુરુષ** પૈસામાં ભૂલો કરે છે. પુરુષ પૈસાથી પડે છે, **પુરુષનું પતન** કોઈને કોઈ રીતે **પૈસાના કારણથી જ** શરૂ થાય છે. પૈસા સાથે કામ પાડતા આવડે એ પુરુષ ક્યારેય નિષ્ફળ નીવડતો નથી. વૃક્ષો એના મૂળમાં ભૂલોને પ્રવેશ આપે છે. કાળક્રમે પ્રકૃતિ વૃક્ષમાં પ્રવેશે છે. વૃક્ષ બગડે છે પહેલા મૂળથી, પછી સડે છે ને પડે છે. મોર પીછામાં ભૂલ કરે કે કોયલ કંઠમાં ભૂલ કરે તો એના **અસ્તિત્વ પર ખતરો** આવે છે. જે સિંહના પંજામાં નખ ન હોય એ જંગલમાં રહે કે પીંજરમાં એને શો તફાવત પડે ? ભૂલો સિંહ જેવા મનુષ્યના **નહોર** કાપી નાખે છે. ભૂલો મોર જેવા લોકોના **પીછાં** ખેરવી નાખે છે. ભૂલો કોકિલ જેવા લોકોને **ચૂપ** રહેવાની ફરજ પાડે છે. ભૂલ એક તમારા જ હાથમાં રહેલી તલવાર છે, જે તમારા જ ગળા પર ચૂપકીથી ફરી જાય છે.

ભૂલો મુખ્યત્વે ચારેય પુરુષાર્થો - ધર્મ, અર્થ, કામ અને મોક્ષના કેડામાં થાય છે ત્યાં **ગંભીર પરિણામ** લાવે છે. ભૂલો કરાવી આ ચારેય પુરુષાર્થો નિરર્થક નીવડે છે. ભૂલો જ જિંદગીના **આખરી સરવૈયામાં નફો-નુકસાન નક્કી કરનાર** એકમાત્ર **પરિબળ** છે.

ભૂલો થવાના કારણો અનંત છે. પૂરતી તાલીમ કે જ્ઞાનના અભાવે થતી ભૂલો અને બેહોશી કે લાપરવાહીને કારણે થતી ભૂલો વચ્ચે ઘણો તફાવત છે. જેનામાં એકપણ ભૂલ ન કરવાની સાવધાની હોય છે એ એમની દિનચર્યામાં એક અજબ પ્રકારની ચમક હોય છે. નિર્ભૂલ વ્યક્તિઓમાં જે સુઘડ અને નિર્મળ વ્યવહારો વિકસે છે. તે બધાને પ્રભાવિત કરી મૂકે છે. ભૂલ ન થાય એ માટે તમારે વિદ્વાન થવું જરૂરી નથી. **ભગવાન શ્રી સ્વામિનારાયણની સર્વોપરી નિષ્ઠા એ એકમાત્ર એવું રસાયણ છે કે,** જે તમને હંમેશા ભૂલોથી બચાવે છે. બુદ્ધિ ગમે તેટલી પ્રખર હોય પણ સર્વોપરી નિષ્ઠા ન હોય તો પારાવાર ભૂલો થાય છે ને બુદ્ધિ ઓછી હોય અને પૂરેપૂરી સર્વોપરી નિષ્ઠા હોય તો ભૂલ ન થવાની ખાતરી છે.

વધારે પડતો આત્મવિશ્વાસ, અભિમાન, લોભ, ઉતાવળ, અજ્ઞાત અકસ્માત્ કે દૈવયોગને કારણે માણસ ભૂલો કરતો જોવા મળે છે. **મહત્ત્વાકાંક્ષા, નિરાશા, અફસોસ કે નિષ્ફળતા** પણ ભૂલોના ઘંટીપડ ગળામાં ફસાવતા હોય છે.

જેના જીવનમાં સાદગી, સરળતા અને વિનમ્રતા હોય તેઓ ભાગ્યે જ ભૂલ કરે છે. આવા લોકો કદાચ ભલે કોઈ ક્રાંતિ ન કરી શકે કે મહાન ન બની શકે, પરંતુ એ કોઈને નુકસાન કરતા નથી. પોતાના પર કે જગત પર ભૂલોનો ભાર વધારતા નથી. ભૂલો ન થાય એ માટેની સજ્જતા જાળવવાનો સંકલ્પ **જાદુઈ પરિણામ** લાવે છે. ભૂલો તરફ ધ્યાન આપવું એ **ઘઉંમાં રહેલા કાંકરા પર ધ્યાન આપવા જેટલું અનિવાર્ય છે.** કાંકરા નીકળી ગયા પછી તરત જ ભોજનનું માધુર્ય અને સંતોષ પ્રગટે છે. ભૂલોને એક પછી એક વીણીને તારવી લો. સંસારીની થાળીમાં થોડાક કાંકરા ઘણા ઘઉંનો સ્વાદ વેડફી નાખે છે. ભૂલો કાંકરા જેવી છે, કાંટા જેવી છે, લોખંડની સાંકળ જેવી છે, જેલની તોતિંગ દીવાલો જેવી છે. ભૂલોમાં આપણે કેદ થઈ જઈએ છીએ તો પછી **ચક્કી પીસિંગ એન્ડ પીસિંગ...** ભૂલોની સજામાંથી મુક્તિ મળતા વર્ષો લાગી જાય છે.

દુનિયામાં સૌથી મોટામાં મોટી ભૂલ એને ગણાવામાં આવે છે કે. જેમાં ભૂલ કરે છે કોઈક અને તેનો ભોગ બને છે અન્ય કોઈ. કમસે કમ **એવી ભૂલો તો કદી ન કરો** કે જેનો ભોગ બીજા બને. આટલું થઈ શકે તોપણ **થોડી રાહત** થાય.

જો તમે **માતા-પિતા હો તો** હંમેશા યાદ રાખો કે **તમારી ભૂલોનું પરિણામ** તમારા બાળકોએ અચૂક ભોગવવાનું છે. જ્યારે એક માતા ભૂલ કરે છે ત્યારે કંઈ કેટલીય જિંદગીઓને એના છાંટા ઊડે છે. જ્યારે પિતા ભૂલ કરે છે ત્યારે અનેક પરિજનોના ચિત્ત પર ઊંડા ઘસરડા થાય છે. હોંશમાં આવો.... સ્વસ્થ બનો, ભૂલોને રોકો. ભૂલ એક સ્ખલન છે. **તમે** તમારા પોતાના પર કાબુ રાખો. સંપૂર્ણપણે કાબુ રાખો. પછી જુઓ ગાડી કેવી પાટા પર આવી જાય છે. એક સાથે અનેક પ્રશ્નો ઉકલી જાય છે. એક નવી ખુશનુમાં હવા શ્વાસોશ્વાસમાં છવાઈ જાય છે.



# સૌથી મોટી લઘુમતી સારા માણસોની છે...

**'બસ બે આંખની શરમ નડે છે,**
**બાકી અહીં કોને ફરક પડે છે !'** - મેહુલ વ્યાસ

તમે સારા માણસ છો, એટલે જ દુનિયાને તમારી સૌથી વધુ જરૂર છે, વસતી દરરોજ ધડાધડ વધતી જાય છે અને સારા માણસોની સંખ્યા ઘટતી જાય છે. અંગ્રેજીમાં કહેવત છે, **'ઓલ ધેટ ગ્લિટર્સ ઈઝ નોટ ગોલ્ડ' - ચળકે એ બધું સોનું હોતું નથી,** આ વાત આપણને બધાને ખબર છે. પણ જે ખરેખર સોનું છે એને ચળકતા પદાર્થો ઘેરી વળે છે, એટલે ક્યું સોનું છે અને ક્યું સોનું નથી તે પારખવું આકરું થઈ જાય છે. મોટા ભાગે એવું થાય છે કે **જે સોનું નથી એ વધુ ચળકતું હોય છે.** જે ઈમિટેશન છે તે બહારથી સુંદર હશે પણ અંદરથી તો ખોખલું જ હોય છે. એકદમ ચળકતી વસ્તુમાં ઘણીવાર સોનું ઢંકાઈ જાય છે. સમય જ એવી વસ્તુ છે જે સોનાને સોનું જ રાખે છે અને નકલી અને ચળકતી વસ્તુને કાળી અને ઝાંખી બનાવી દે છે.

સારા માણસોને પણ આ ઉદાહરણ સોએ સો ટકા લાગુ પડે છે. આપણી આજુબાજુ ઘણી વખત ખોટા અને માત્ર ચળકતા લોકો આવી ચડે છે. આવા સમયે એવું લાગે કે જે ખોટું અને નકલી છે એનો જ દબદબો છે. જો કે પરપોટો ગમે તેટલો મોટો થાય, તેને દેખાડાનું આયુષ્ય ટૂંકું જ હોય છે.

એક વખત **તલવાર** અને **ફૂલ** વચ્ચે ઝઘડો થયો. તલવારે કહ્યું કે, તારી હેસિયત શું છે ? રાજ તો મારાથી જ ચાલે છે. હું ધારું તો ઘડીના છઠ્ઠા ભાગમાં એક ઘા ને બે કટકા કરી નાખું. મારા ઉપર જ તમામ શક્તિનો આધાર છે. ફૂલે નમ્રતાથી કહ્યું કે, જીત માટે તું ગળું કાપે છે અને હું તો લોકોના ગળે શોભું છે. જીતેલો માણસ પણ વિજેતા બનીને ફૂલની માળા ધારણ કરે છે અને મૃત્યુ પામેલાના ગળામાં પણ હું હોઉં છું. તારામાં લોહીની ગંધ છે અને મારામાં સુગંધ છે. તલવાર માત્ર યુદ્ધમાં જ કામ લાગે છે, જ્યારે ફૂલ તો દરરોજ માણસ સાથે જીવે છે. યુદ્ધ સિવાયના સમયમાં તો તલવાર કટાઈ જાય છે. તલવારે કહ્યું કે, એમ તો તું પણ કરમાઈ જાય છે. ફૂલે કહ્યું કે, **કટાઈ જવા કરતાં કોઈને કામ લાગીને કરમાઈ જવામાં વધુ મહાનતા છે.**

ધાર હંમેશા ઘાવ જ આપે. સારા માણસો **મલમ જેવા** હોય છે. **ઋજુતા જ રૂઝાવી શકે.** ઘાવ ઉપર મલમ લગાવો એટલે

પહેલાં બળતરા થાય છે, પણ આ બળતરા ઘાવને રૂઝાવવા માટે હોય છે. સારા માણસના કડવા વેણ પણ જિંદગીમાં મીઠાશ ફેલાવવા માટે જ હોય છે. આકરું કહેનારાને ઓળખવાની જરૂર હોય છે. **સારાને સાર્થક થતાં હંમેશાં સમય લાગે છે.** ખોટું હોય એ વહેલું કે મોડું વિલાઈ જાય છે. સાચું જ **સનાતન** છે.

માણસ પોતાની સાર્થકતાથી ઓળખાય છે. તમે કેવા છો તેનો આધાર તમે કેવી રીતે જીવો છો તેના ઉપર છે. રાવણે સીતાનું અપહરણ કરવા બાવાનું રૂપ ધારણ કર્યું હતું. રાવણ પણ વિદ્વાન અને શક્તિશાળી હતો. ખરાબ વિચાર માણસને ગમે તેવી અધોગતિએ પહોંચાડે છે. રાવણ જેવો રાવણ બાવો બની ગયો હતો. રાવણના સગા-વહાલાઓને જ્યારે આ વાતની જાણ થઈ ત્યારે એ બધાએ કહ્યું કે, રાવણ એક સ્ત્રી માટે બાવો બન્યો ! રાવણને કંઈ શરમ ન આવી ?

બધા જ સ્વજનોએ રાવણને બોલાવ્યો. રાવણને કહ્યું કે, તું આવો શક્તિશાળી છે અને તને બીજું કંઈ નહીં ને બાવાનું રૂપ ધારણ કરવાનું સૂજ્યું ? બાવા કરતાં તો લૂંટારો બન્યો હોત તો સારું થાત. એક સ્વજને કહ્યું કે, તારે તારું રૂપ બદલીને સીતાને છેતરવા હતા તો પછી તે રામનું જ રૂપ કેમ ધારણ ન કર્યું ? આ સમયે રાવણે બહુ જ સહજતાપૂર્વક કહ્યું કે, **જો હું રામનું રૂપ ધારણ કરું તો** મને કોઈને છેતરવાનો વિચાર જ ન આવે ! રામના નામનો આ મર્મ અને મહિમા છે. સારાપણું જ્યારે શ્રેષ્ઠ બની જાય ત્યારે ખરાબ તેને સ્પર્શી શકતું નથી.

રામાયણની આ જ વાત બીજી રીતે પણ કહેવામાં આવે છે. રાવણના મનમાં જ્યારે સીતાનું હરણ કરવાનો વિચાર આવ્યો ત્યારે તેણે સાધુનું રૂપ ધારણ કરવાનો નિર્ણય કર્યો. સંતો કહે છે કે, રાવણે છેતરપિંડી માટે પણ સાધુ બનવું પડ્યું. **છેતરનારાએ પણ અંતે તો સારાનું** જ રૂપ ધારણ કરવું પડે છે. રાવણ જ્યાં સુધી ભિક્ષા માગતો હતો ત્યાં સુધી જ સાધુ હતો. સીતાએ રેખા ઓળંગી અને એ સાધુ શેતાન બની ગયો. ખોટું હોય એ ઝડપથી બદલી જાય છે. ખોટું હોય એ ઝડપથી પરખાઈ પણ જાય છે.

કાંટા હંમેશા પહેલાં ઊગી નીકળે છે. ગુલાબના છોડમાં હજુ કળી ખીલે એ પહેલાં કાંટા આવી જાય છે. કાંટાની વચ્ચે છે એટલે જ ફૂલની રોનક છે. ગુલાબના ફૂલ વિશે એક બીજી પણ વાત અહીં સંભારવા જેવી છે. એક યુવાને કહ્યું કે, મારી જિંદગી તો કાંટા જેવી છે. **નેગેટિવ** વિચારવાળા ફૂલ જેવા હોય તો પણ એવું કહે છે કે મારી તો ચારે તરફ કાંટા જ છે. **પોઝિટિવ** વિચારવાળાની જિંદગી કદાચ કાંટા જેવી હોય તો પણ કહેશે કે મારી પાસે ફૂલ છે.

ઓછું હોય છે એની કિંમત હંમેશા વધારે હોય છે. અર્થશાસ્ત્રનો એક નિયમ છે કે, ઉત્પાદન ઘટે એટલે કિંમત વધે. સારા માણસોનું પણ એવું જ છે. સારા માણસોની સંખ્યા ઘટતી જાય છે એટલે જ તેનું મહત્ત્વ વધતું જાય છે. માણસે પોતાનું મહત્ત્વ કેટલું રાખવું તે નક્કી કરવાનું હોય છે. રૂપિયો બધે જ વટાવાઈ જાય છે. હજાર રૂપિયાની નોટે કહ્યું કે, હું કિંમતી છું. મારા છુટ્ટા બધે ન મળે ! સારા રહેવું સહેલું નથી, સહેલું નથી એટલે જ તો તેની નોંધ લેવાય છે. સહેલું હોત તો બધા સારા ન થઈ જાત ! ખરાબ બનવું બહુ જ આસાન છે એટલે જ તો તેની બહુમતી છે. ગુલાબના છોડ પાસે જઈને ક્યારેક ગણતરી માંડજો કે આ છોડમાં કેટલા કાંટા છે અને કેટલા ફૂલ છે ? તમારું સારાપણું કાયમી રાખજો. આખી દુનિયાને તમારી ખૂબ જ જરૂર છે. તમે સારા હશો તો જ તમને આખી દુનિયા સારી લાગશે.

**'જીવનને બદલવાની જરૂર નથી, જરૂર છે કેવળ આપણો અભિગમ બદલવાની.'** - સ્વામી રામદાસ તીર્થ



**"...એક વખત તલવાર અને ફૂલ વચ્ચે ઝઘડો થયો. તલવારે કહ્યું કે, તારી હેસિયત શું છે ? રાજ તો મારાથી જ ચાલે છે. હું ધારું તો ઘડીના છઠ્ઠા ભાગમાં એક ઘા ને બે કટકા કરી નાખું. મારા ઉપર જ તમામ શક્તિનો આધાર છે. ફૂલે નમ્રતાથી કહ્યું કે, જીત માટે તું ગળું કાપે છે અને હું તો લોકોના ગળે શોભું છે. જીતેલો માણસ પણ વિજેતા બનીને ફૂલની માળા ધારણ કરે છે અને મૃત્યુ પામેલાના ગળામાં પણ હું હોઉં છું. તારામાં લોહીની ગંધ છે અને મારામાં સુગંધ છે. તલવાર માત્ર યુદ્ધમાં જ કામ લાગે છે, જ્યારે ફૂલ તો દરરોજ માણસ સાથે જીવે છે. યુદ્ધ સિવાયના સમયમાં તો તલવાર કટાઈ જાય છે. તલવારે કહ્યું કે, એમ તો તું પણ કરમાઈ જાય છે. ફૂલે કહ્યું કે, કટાઈ જવા કરતાં કોઈને કામ લાગીને કરમાઈ જવામાં વધુ મહાનતા છે..."**



# શું નથી કરવાનું એ તમને ખબર છે ?

**'આવશે દોડીને મળવા તને નદીઓ સામે,**
**છે શરત એટલી પહેલાં તું સમંદર થઈ જા.'**

- નાઝ માંગરોલી

તમારી જિંદગીનો ગોલ તમે સેટ કરો. સૌથી પહેલાં નક્કી કરો કે મારે આ મુકામસુધી પહોંચવું છે. જો મંજિલ નક્કી નહીં હોય તો તમે ચોક્કસ માર્ગ જ નહીં પકડી શકો. કેરિયર, લાઈફ અને ગ્રોથની વાત નીકળે ત્યારે આપણે વારંવાર આવી વાતો સાંભળીએ છીએ. બહુ સાચી વાત છે. માણસને ખબર હોવી જોઈએ કે તેણે શું કરવાનું છે. મોટા ભાગે બધા લોકોને તેની ખબર પણ હોય છે. શું કરવું એ તો ખબર હોય છે પણ શું નથી કરવાનું, તેની ઘણી વખત માણસને ખબર નથી હોતી.

માણસ મોટા ભાગે જે ન કરવાનું હોય એ કરતો રહે છે અને એટલે જ જે કરવાનું હોય છે એ નથી કરી શકતો. શું કરવાનું છે એ નક્કી કરવાની સાથે શું નથી કરવાનું તેની સમજ વધુ સ્પષ્ટ રીતે હોવી જોઈએ. તમારી જિંદગીમાં તમે કોઈ એક વાત નક્કી કરો ત્યારે સામા પક્ષે એક નોંધ એવી પણ કરવી જોઈએ કે હું આટલું તો નહીં જ કરું.

દરેક માણસને સુખી થવું હોય છે, દરેક માણસને સંબંધ જાળવવા હોય છે, દરેક માણસને પ્રેમકરવો હોય છે, દરેક માણસને પ્રેમમેળવવો હોય છે, દરેક માણસને સફળ થવું હોય છે. શું કરીએ તો સફળ અને સુખી થવાય તેની પણ લોકોને ખબર હોય છે. થાપ ત્યાં જ ખાઈ જાય છે કે તેને એ ખબર નથી હોતી કે શું ન કરું તો હું જે કરવા ઈચ્છું છું તે સારી રીતે કરી શકીશ.

દરેક માણસ રોજ સવારે નક્કી કરતો હોય છે કે આજે મારે આ કામકરવું છે અને રાત પડ્યે એ કામબાકી જ રહી જાય છે. એક વિદ્યાર્થી હતો. તે દરરોજ સવારે એવું નક્કી કરતો કે આજથી મારે દરરોજ ચાર કલાક ધ્યાનથી વાંચવાનું શરૂ કરવું છે. તેને ખબર હતી કે સારી રીતે પાસ થવા માટે વાંચવું અને મહેનત કરવી જોઈએ. દરરોજ વાંચવાનું શરૂ કરે એ પહેલાં જ કોઈ મિત્ર આવી ચડે. ચલ, ફિલ્મજોવા આવવું છે ? ક્રિકેટ રમવા આવવું છે ? ફ્રેન્ડને ત્યાં પાર્ટીમાં નથી આવવું ? એ વિદ્યાર્થીએ એ નહોતું નક્કી કર્યું કે મારે અત્યારે આ બધું નથી કરવાનું. આવા વિદ્યાર્થી માટે પછી ક્યારેય વાંચવાનું શરૂ કરવાનો દિવસ આવતો જ નથી.

આપણે પણ દરરોજ કેટલું બધું સાવ નક્કામું કરતા રહીએ છીએ ? સાધના વગર કોઈ સિદ્ધિ મળતી નથી. મહેનત વગર સફળ થવાતું નથી. સાધના કે મહેનત સહેલી વાત નથી. તેના

માટે મનને મક્કમકરવું પડે છે. 'કહીં પે નિગાહેં, કહીં પે નિશાના' જેવી સ્થિતિ હોય તો નિશાન પણ પાર ન પડે અને નજર પણ ઠોકર ખાઈ જાય. નિશાન ઉપર નજર હોય તો જ તીર ટાર્ગેટ પર વાગે. સફળતા માટે કોઈ કારણો નથી હોતાં અને નિષ્ફળતા માટે હજાર કારણ મળી આવે છે. યાર, એવું થયું ને કે મારી હાલત જ ખરાબ થઈ ગઈ. સંજોગો જ એવા થયા ને કે મેં ધાર્યું હતું એ ન કરી શક્યો. સફળ થનાર વ્યક્તિ પાસે તમે ક્યારેય એવું સાંભળ્યું છે કે યાર, સંજોગો જ એવા ઊભા થયા ને કે મારાથી મહેનત થઈ ગઈ ! સફળ થવા માટે સંજોગોની નહીં પણ દાનતની જરૂર હોય છે. જેની દાનત નથી હોતી એ જ માણસ નિષ્ફળ જાય છે.

નિષ્ફળતા માટે કોઈ કારણો, સંજોગો કે બહાનાં નહીં પણ માણસ પોતે જ જવાબદાર હોય છે. તમે જે કરવા ધાર્યું હોય એ ન થઈ શકે તો માનજો કે તમારા નિર્ણય અને પ્રયત્નમાં જ ખામી છે. એક યાદી બનાવી રાખો કે, આટલું તો મારે નથી જ કરવાનું. આ યાદી તૈયાર હશે તો પછી જે કરવાનું છે તેની દિશા વધુ સ્પષ્ટ, ચોખ્ખી અને ઊજળી થઈ જશે.

એક સરસ મજાની વાર્તા માણવા જેવી છે. એક સફળ કંપનીના ચેરમેને બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મિટિંગ બોલાવી. મિટિંગમાં દરેક ડિરેક્ટરે કહ્યું કે આપણી કંપની સતત વિકાસ કરી રહી છે. વધુ સફળ થવા માટે શું કરવું જોઈએ તેના આઈડિયાઝ પણ ડિરેક્ટર્સે આપ્યા. જો કે, મિટિંગના અંતે ચેરમેને જે વાત કરી તેનાથી દરેક ડિરેક્ટર્સ ગમખાઈ ગયા. કોઈને સમજાયું નહીં કે, ચેરમેન અંતે શું કરવા ધારે છે.

ચેરમેને બધા જ ડિરેક્ટર્સને કહ્યું કે, મિત્રો ! આપણે આપણી કંપનીનું દેવાળું કાઢવું છે. તમે બધા મને એ કહો કે, શું કરીએ તો આપણી કંપનીની પથારી ફરી જાય ? આપણી કંપની ખોટના ખાડામાં કેવી રીતે ધકેલી શકાય ? આપણે કોઈને મોઢું બતાવવા જેવા ન રહીએ એના માટે શું કરવું જોઈએ ?

બધા ડિરેક્ટર્સને થયું કે આપણા ચેરમેનનું દિમાગ ફટકી ગયું લાગે છે. આટલી સરસ કંપનીનું દેવાળું ફૂંકવા આ માણસ તૈયાર થયો છે. ચેરમેને કહ્યું એટલે કરવું તો પડે જ ને ! બધા ડિરેક્ટર્સે શાંતિથી પોતપોતાની યાદી તૈયાર કરી. કંપની કેવી રીતે બંધ થઈ જાય ? શું કરીએ તો કંપનીનું દેવાળું ફૂંકાઈ જાય, તેનાં કારણોની યાદી બધા જ ડિરેક્ટર્સ તૈયાર કરી ચેરમેનને સોંપી.

ચેરમેને બધી જ યાદી શાંતિથી વાંચી. ડિરેક્ટર્સને કહ્યું કે, સરસ યાદી તમે તૈયાર કરી છે. કંપનીનું નામું નંખાઈ જાય તેનાં માટે આ બધાં કારણો પૂરતાં છે. હવે આપણે માત્ર એક જ કામકરવાનું છે. આપણે એટલું જ ધ્યાન રાખવાનું છે કે, તમે બધાએ કંપનીને પતાવી દેવાનાં કારણો બતાવ્યાં છે એટલું જ નથી કરવાનું. જો એ બધું કરીશું તો આપણે પતી જશું. શું ન કરવું જોઈએ એ ધ્યાન રાખવા માટે જ ચેરમેને આખી કસરત કરાવી હતી. ચેરમેને કહ્યું કે, મિત્રો ! જે નથી કરવાનું તેની સમજ આપણને બધાને ખૂબ જ સારી રીતે હોય એ જરૂરી છે.

આપણે હંમેશાં એક વાત સાંભળતા આવ્યા છીએ કે કંઈક મેળવવા માટે કંઈક ગુમાવવું પડે છે. મતલબ કે કંઈક ગુમાવ્યા વગર કંઈ મળતું નથી. જે ગુમાવવાનું છે તેની તમને ખબર છે ? મહેનત માટે આરામગુમાવવો પડે છે. સફળતા ઘણી બધી મોજમજાની આહુતિ માંગે છે. સુગંધ મેળવવા માટે ધૂપને સળગાવવો પડે. ઘરેણાં બનાવવા માટે સોનું તપાવવું પડે. સફળ થવા માટે ધ્યાન એટલું જ રાખવાનું હોય છે કે બેધ્યાન ન થઈ જવાય. જે નથી કરવાનું તેના વિશે તમે સ્પષ્ટ હશો તો જ તમારે જે કરવું હશે તે સચોટ રીતે કરી શકશો. શું નથી કરવાનું તેની પરફેક્ટ યાદી તમારી પાસે છે ખરી ?



"...નિષ્ફળતા માટે કોઈ કારણો, સંજોગો કે બહાનાં નહીં પણ માણસ પોતે જ જવાબદાર હોય છે. તમે જે કરવા ધાર્યું હોય એ ન થઈ શકે તો માનજો કે તમારા નિર્ણય અને પ્રયત્નમાં જ ખામી છે. એક યાદી બનાવી રાખો કે, આટલું તો મારે નથી જ કરવાનું. આ યાદી તૈયાર હશે તો પછી જે કરવાનું છે તેની દિશા વધુ સ્પષ્ટ, ચોખ્ખી અને ઊજળી થઈ જશે...."

# સત્સંગ સમાચાર પત્રિકા

- સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી



મીઠાપુર(ચલાલા)ને આંગણે યોજાયેલ શ્રીમદ્ સત્સંગિજીવન પ્રસંગે પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી



હામાપુર(જી. અમરેલી)માં યોજાયેલ પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ હસ્તે નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરનો ખાતમુહૂર્તવિધિ



શ્રી સ્વામિનારાયમમંદિર - રામપર(તોરી)માં દર્શન-અમૃતવાણીનો લાભ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી

પ.પૂ.સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક' ના 'રજત જયંતિ વર્ષ'માં સોરઠ પ્રદેશના તોરી (જી. અમરેલી)ગામને આંગણે યોજાયેલ 'શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ' (તા. ૧૫ થી ૨૧ જાન્યુઆરી - ૨૦૦૯)





પ.પૂ. લાલજી મહારાજશ્રીની ભવ્ય સ્વાગત શોભાયાત્રામાં જોડાયેલ તોરી વિસ્તારના ભક્તજનો



મંદિરમાં ઠાકોરજીની આરતી



પૂ. વક્તાશ્રી દ્વારા સ્વાગતપૂજન



યજમાનશ્રી દ્વારા સ્વાગતપૂજન



૩૫ ફૂટના પુષ્પહારથી સ્વાગતપૂજન



ભક્તજનોને રૂડા આશીર્વાદ



મુમુક્ષુજનોને કંઠી-વર્તમાન ધારણ





પ.પૂ. લાલજી મહારાજશ્રીની નિશ્રામાં રાત્રિના કીર્તન-ભક્તિ સાથે સંતો-ભક્તોનો દિવ્ય રાસોત્સવ



આણંદને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ શ્રીહરિગીતા કથા તથા દિવ્ય શાકોત્સવ (તા.૨૩ થી ૨૫ જાન્યુઆરી-૦૯)



વણાદરાને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ ભવ્ય શાકોત્સવ (તા.૨૪-૧-૨૦૦૯)



વાશી(મુંબઈ)ને આંગણે યોજાયેલ ભવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા(તા. ૨૭-૧-૨૦૦૯)



રોજકા(ભાલપ્રદેશ)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ ભવ્ય શાકોત્સવ (તા.૩૦-૧-૨૦૦૯)




છાણી(વડોદરા)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ ભવ્ય શાકોત્સવ (તા.૪-૨-૨૦૦૯)



કલાલી(વડોદરા)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ ભવ્ય શાકોત્સવ (તા.૪-૨-૨૦૦૯)



વ્યારા(વાઘોડીયા)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ ભવ્ય શાકોત્સવ (તા.૫-૨-૨૦૦૯)



સાવરકુંડલાને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીની નિશ્રામાં યોજાયેલ કથા-પારાયણ તથા ભવ્ય શાકોત્સવ (તા. ૬ થી ૧૨ ફેબ્રુઆરી - ૨૦૦૯)






પલોલને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ ભવ્ય શાકોત્સવ (તા.૯-૨-૨૦૦૯)



શ્રી ગઢપુર મહોત્સવ - ૨૦૦૬



ચારધામ યાત્રાટ્રેન, ઓગષ્ટ-૨૦૦૮



ચારધામ યાત્રાટ્રેન, ઓગષ્ટ-૨૦૦૮



ચારધામ યાત્રાટ્રેન, ઓગષ્ટ-૨૦૦૮

## અક્ષરવાસ : પ.ભ.શ્રી વેલજીભાઈ કરશનભાઈ વેકરીયા
## મીરજાપુર (ભૂજ-કચ્છ) હાલ - લંડન

મૂળ મીરજાપુર (ભૂજ-કચ્છ)ના વતની હાલ લંડન નિવાસી પ.ભ. શ્રી **વેલજીભાઈ કરશનભાઈ વેકરીયા** તા. ૪-૨-૨૦૦૯ મહા સુદ - ૯(હરિજયંતિ)ના પવિત્ર દિવસે શ્રીજીમહારાજનું સ્મરણ કરતા કરતા અક્ષરવાસી થયા છે. તેઓ સ્વભાવે પ્રેમાળ, ધર્મનિષ્ઠ, કર્મનિષ્ઠ, સેવાભાવી અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રી - પ.પૂ. લાલજી મહારાજશ્રી તેમજ સાચા સંતોનો દૃઢ મનોબળથી સાથે પક્ષ રાખતા હતા. તેઓએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી તેમજ પૂ. સંતોનો રાજીપો મેળવી કૃપાપાત્ર બન્યા હતા. પૂ. સ્વામીને જ્યારે પણ લંડન જવાનું થાય છે ત્યારે તેઓના ઘેર જ ઉતારો રાખતા હતા. તેઓએ સરધાર-૨૦૦૨માં ઉજવાયેલ ભવ્ય 'આગમન મહોત્સવ', ગઢપુર-૨૦૦૬માં ઉજવાયેલ 'શ્રી ગઢપુર મહોત્સવ' આદિક મહોત્સવોમાં યજમાનપદ સ્વીકારી સેવાનો લાભ લીધો હતો. તેમજ સરધારમાં આકાર લઈ રહેલ શિખરબધ્ધ મંદિરમાં પણ તેઓનું સારું એવું યોગદાન રહેલું છે. સરધાર મંદિર દ્વારા આયોજીત દક્ષિણ-ઉત્તર-પૂર્વ આદિક ટ્રેનયાત્રામાં પણ લંડનથી સ્પેશ્યલ આવી તીર્થયાત્રાનો લાભ લીધો હતો. થોડા સમય પૂર્વે જ યોજાયેલ 'ચારધામયાત્રાટ્રેન, ઓગષ્ટ-૨૦૦૮'ના માધ્યમથી જગન્નાથપુરીમાં પૂ. સ્વામીના વક્તાપદે 'શ્રીમદ્ સત્સંગિજીવન'ની કથા કરાવીને તેમાં વડતાલથી પ.પૂ. લાલજી મહારાજશ્રીની પધરામણી કરાવી સર્વે યાત્રિક ભક્તજનોને દર્શન-અમૃતવાણીનો લાભ અપાવ્યો હતો. તેમજ છપૈયામાં પણ પૂ. પૂર્ણસ્વરૂપદાસજી સ્વામીના વક્તાપદે 'શ્રીઘનશ્યામ લીલામૃત'ની કથા કરાવીને સેવાનો અલૌકિક લ્હાવો લીધો હતો. આવા ભક્તરાજના અક્ષરધામગમનથી સત્સંગ સમાજને અતિ ખોટ પડી છે. પરંતુ ભગવાન શ્રીહરિને ગમ્યું તે ખરું તે ન્યાયે તેઓશ્રીના પરિવાર અને તેમના સુપુત્ર પુરુષોત્તમકુમાર ઉપર આવી પડેલ આ દુઃખને સહન કરવાની શક્તિ-બળ આપે અને તેઓ ભગવાન શ્રીહરિના મૂર્તિના સુખે સુખીયા થાય તેવી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના શ્રીચરણોમાં પ્રાર્થના...

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમે શ્રીજીમહારાજે સૌપ્રથમલોયામાં કરેલ શાકોત્સવની અનેરી પરંપરાને સ્મૃતિપથમાં જાળવી રાખવા માટે

**પ.પૂ. ૧૦૮ શ્રી લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની દિવ્ય સંન્નિધિમાં તેમજ અન્ય સ્થાનોમાં ઉજવાયેલ**

# ભવ્ય શાકોત્સવો તથા સત્સંગ સભાઓ









**૦૧. તા. ૧૦-૧૧-૦૮**
કેરાળા, તા. સાવરકુંડલા, જી. અમરેલી

**૦૨. તા. ૧૦-૧૧-૦૮**
જૂનાસાવર, તા. સાવરકુંડલા, જી. અમરેલી

**૦૩. તા. ૧૦-૧૧-૦૮**
ખાંભા (ગીર) જી. જૂનાગઢ

**૦૪. તા. ૧૪-૧૨-૦૮**
બોરડી સમઢીયાળા, તા. જેતપુર, જી. રાજકોટ

**૦૫. તા. ૧૫-૧૨-૦૮**
જૂની હળિયાદ, તા. બગસરા, જી. અમરેલી

**૦૬. તા. ૧૯-૧૨-૦૮**
કડધરા, તા. ડભોઈ, જી. વડોદરા

**૦૭. તા. ૨૧-૧૨-૦૮**
બગસરા, જી. અમરેલી

**૦૮. તા. ૨૧-૧૨-૦૮**
માણાવદર, જી. જૂનાગઢ

**૦૯. તા. ૨૨-૧૨-૦૮**
ભાવનગર

**૧૦. તા. ૨૮-૧૨-૦૮**
ડોંબીવલી (મુંબઈ)

**૧૧. તા. ૨૮-૧૨-૦૮**
બોરિવલી (મુંબઈ)

**૧૨. તા. ૨૮-૧૨-૦૮**
કાલસારી, તા. વિસાવદર, જી. જૂનાગઢ

**૧૩. તા. ૨૮-૧૨-૦૮**
અમરેલી

**૧૪. તા. ૨૯-૧૨-૦૮**
રાણસીકી, તા. ગોંડલ, જી. રાજકોટ

**૧૫. તા. ૦૧-૦૧-૦૯**
ઉમરાળા, જી. ભાવનગર

**૧૬. તા. ૦૨-૦૧-૦૯**
ચોગઠ, જી. ભાવનગર

**૧૭. તા. ૦૩-૦૧-૦૯**
નિંગાળા, તા. ગઢડા, જી. ભાવનગર

**૧૮. તા. ૦૪-૦૧-૦૯**
જેતપુર(કાઠીનું), જી. રાજકોટ

**૧૯. તા. ૦૪-૦૧-૦૯**
ખોપાળા, તા. ગઢડા, જી. ભાવનગર

**૨૦. તા. ૦૭-૦૧-૦૯**
આંબરડી (ગોંડલ) જી. રાજકોટ

**૨૧. તા. ૦૮-૦૧-૦૯**
જૂના બાદલપુર, તા. કુંકાવાવ, જી. અમરેલી

**૨૨. તા. ૦૯-૦૧-૦૯**
નાની મોણપરી, તા. વિસાવદર, જી. જૂનાગઢ

**૨૩. તા. ૧૧-૦૧-૦૯**
સરધાર, તા.જી. રાજકોટ

**૨૪. તા. ૧૧-૦૧-૦૯**
ખાખરીયા, તા. પાલીતાણા, જી. ભાવનગર

**૨૫. તા. ૧૨-૦૧-૦૯**
ચિતલ, તા.જી. અમરેલી

**૨૬. તા. ૧૬-૦૧-૦૯**
વસો, તા. નડિયાદ, જી. ખેડા

**૨૭. તા. ૧૮-૦૧-૦૯**
ભીલડી, તા.જી. અમરેલી

**૨૮. તા. ૧૮-૦૧-૦૯**
વેરાવળ(સોમનાથ)

**૨૯. તા. ૨૨-૦૧-૦૯**
ઈવનગર(જૂનાગઢ)

**૩૦. તા. ૨૩-૦૧-૦૯**
બળેલ પીપરીયા, જી. અમરેલી

**૩૧. તા. ૨૪-૦૧-૦૯**
વણાદરા, તા. શિનોર, જી.વડોદરા

**૩૨. તા. ૨૫-૦૧-૦૯**
આણંદ (રોકડીયા હનુમાન)

**૩૩. તા. ૨૬-૦૧-૦૯**
સિવણસઈ, વસઈ (મુંબઈ)

**૩૪. તા.૨૭-૦૧-૦૯**
વાશી (મુંબઈ)

**૩૫. તા. ૨૮-૦૧-૦૯**
થાણા (મુંબઈ)

**૩૬. તા. ૨૯-૦૧-૦૯**
ડોંબીવલી (મુંબઈ)

**૩૭. તા. ૩૦-૦૧-૦૯**
રોજકા, તા. ધંધુકા (બાલપ્રદેશ)

**૩૮. તા. ૩૧-૦૧-૦૯**
પીઠાવા, તા. સાવરકુંડલા, જી. અમરેલી

**૩૯. તા. ૦૪-૦૨-૦૯**
છાણી, જી. વડોદરા

**૪૦. તા. ૦૪-૦૨-૦૯**
કલાલી, જી. વડોદરા

**૪૧. તા. ૦૫-૦૨-૦૯**
વ્યારા, તા. વાઘોડિયા, જી. વડોદરા

**૪૨. તા. ૦૭-૦૨-૦૯**
સાવરકુંડલા, જી. અમરેલી

**૪૩. તા. ૦૭-૦૨-૦૯**
કેશોદ, જી. જૂનાગઢ

**૪૪. તા. ૦૯-૦૨-૦૯**
પલોલ, જી. આણંદ

**૪૫. તા. ૧૪-૦૨-૦૯**
સોજીત્રા, જી. આણંદ

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશમાં સુપ્રસિદ્ધ કથાકાર

## પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીની આગામી કથા-પારાયણો તથા મહોત્સવો

| ક્રમ | તારીખ | કથા સ્થળ |
|---|---|---|
| ૦૧. | ૨૧ થી ૨૭ ફેબ્રુઆરી - ૨૦૦૯ | મુ. કુરાલ, તા. પાદરા, જી. વડોદરા<br>સંપર્ક : પૂ. ઘનશ્યામ સ્વામી - મો. ૯૮૨૫૧૩૪૧૦૮ |
| ૦૨. | ૧ થી ૭ માર્ચ - ૨૦૦૯ | સ્થળ :- વ્રજધામ સોસાયટી, ધમધમીયા પુલ પાસે, જલાલપોર રોડ, નવસારી<br>સંપર્ક : ધીરુભાઈ - મો. ૯૯૭૮૯૭૦૦૭૫, વાલજીભાઈ - મો. ૯૮૨૪૭૧૦૦૪૦<br>નરસિંહભાઈ - મો. ૯૪૨૭૧૨૭૨૯૬, દુર્લભજીભાઈ - મો. ૯૩૨૮૦૧૬૪૨૧ |
| ૦૩. | ૧૧ થી ૧૫ માર્ચ - ૨૦૦૯ | 'દુર્ગપુર ફાર્મ હાઉસ' મુ. સરંભડાના સિમાડે, તા. ગારિયાધાર, જી. ભાવનગર<br>સંપર્ક : ભરતભાઈ મો. ૯૩૭૫૧૮૫૬૦૭, રમેશભાઈ - મો. ૯૩૭૫૦૨૪૭૬૦ |
| ૦૪. | ૧૭ થી ૨૫ માર્ચ - ૨૦૦૯ | 'સરધાર રોડ' મું. ભુપગઢ, તા.જી. રાજકોટ<br>સંપર્ક : સંજય ભગત - મો. ૯૯૭૯૫૮૪૭૮૭ રાજેન્દ્રભાઈ - મો.૯૯૨૫૨૮૯૪૧૮ |
| ૦૫. | ૨૭ થી ૪ માર્ચ/ એપ્રિલ-૨૦૦૯ | મું. જૂની હળિયાદ, તા.બગસરા, જી. અમરેલી.<br>સંપર્ક : વજુભાઈ - મો. ૯૯૭૯૧૫૧૬૩૩, રૈયાણીસાહેબ - મો. ૯૯૦૦૯૨૦૨૪૮ |
| ૦૬. | ૧૭ થી ૨૫ એપ્રિલ - ૨૦૦૯ | મું. નાના માચીયાળા, તા.જી. અમરેલી.<br>સંપર્ક : ઘનશ્યામભાઈ કરડ - મો. ૯૮૭૯૪૨૨૨૯૯, ૯૮૨૫૧૪૧૩૪૨ |
| ૦૭. | ૨૬ એપ્રિલ ૨ મે - ૨૦૦૯ | મું. ઘોરા, તા. ઉમરેઠ, જી. આણંદ.<br>સંપર્ક : મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ૯૪૨૭૩૮૬૯૨૯ |
| ૦૮. | ૩ થી ૯ મે - ૨૦૦૯ | યોગી ચોક, ચોપાટી સામે, વરાછા રોડ, સુરત.<br>સંપર્ક : મો. ૯૮૭૯૭૫૮૫૧૩, ૯૮૭૯૫૧૮૨૫૯, ૯૩૭૫૦૨૪૭૬૦ |
| ૦૯. | ૧૧ થી ૧૯ મે - ૨૦૦૯ | સ્વામી શ્રી શ્યામવલ્લભદાસજી, શ્રી સ્વા. મંદિર, ગોકુળ હોટલની સામે,<br>એસ.વી. રોડ, બોરિવલી (વેસ્ટ) સંપર્ક : ફો.નં. ૦૨૨ ૨૮૯૦૩૭૧૭ |
| ૧૦. | ૨૧ થી ૨૪ મે - ૨૦૦૯ | 'શ્રી સ્વામિનારાયણ બાગ' શ્રી સ્વા. મંદિર, સરધાર, તા.જી. રાજકોટ.<br>સંપર્ક : ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩ |
| ૧૧. | ૨૬ મે થી ૩ જૂન - ૨૦૦૯ | શ્રી સ્વામિનારાયણ મંદિર - મુ. દાહોદ<br>સંપર્ક : મનહરભાઈ ફો.નં. ૦૨૬૭૩ - ૨૪૭૭૫૭, મો. ૯૯૨૫૦૩૦૮૧૮ |

દર મહિનાના પહેલા રવિવારે સરધાર અને મહિનાના છેલ્લા શનિવારે રાજકોટમાં યોજાતી

## :: અભયદાન સત્સંગ સભા ::

સરધાર : તા. ૦૧-૦૩-૨૦૦૯, ફાગણ સુદ - ૫ સમય :- સવારે ૯ થી ૧

રાજકોટ :- તા. ૨૧-૦૨-૦૯, મહા વદ - ૧૨, શનિવાર સમય :- રાત્રે ૯ થી ૧૧

સંપર્ક :- શ્રી મહેન્દ્રભાઈ પાટડીયા - મો. ૯૪૨૬૨૨૯૫૫૮ ★ શ્રી કરશનભાઈ ઢાંકેચા - મો. ૯૪૨૬૭૮૧૧૭૯

### ભગવાન શ્રી સ્વામિનારાયણનું મહાન પ્રસાદિભૂત તીર્થધામ

# સરધાર પધારો...બાળયુવા ધન બચાવો...

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમે સરધારધામને આંગણે ભવ્ય પાંચમો




પ્રયોજક : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)

## તારીખ :- ૨૧-૫-૦૯ થી ૨૪-૫-૦૯ સુધી

**ખાસ નોંધ :-** આ મહોત્સવમાં ૧૫ થી ૪૫ વર્ષના તમામ પુરુષ તથા સ્ત્રીભક્તો એમબંને લાભ લઈ શકશે.

**મહોત્સવ સ્થળ :- શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ.**
**ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩**

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમે નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરોનો ભવ્ય

# ખાતમુહૂર્તવિધિ મહોત્સવ

**દિવ્ય સાંનિધ્ય :** પ.પૂ. ૧૦૮ શ્રી લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી - વડતાલ

પ્રયોજક : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)

**મુ. કમીગઢ, તા. બગસરા, જી. અમરેલી**

તારીખ :- ૧૨-૩-૨૦૦૯, ફાગણ વદ - ૨
સમય :- સવારે ૮.૦૦ થી ૧૦.૦૦

સંપર્ક :- કો. શંભુભાઈ - મો. ૯૯૭૯૨૨૫૮૬૩

**મુ. જેજાદ, તા. સાવરકુંડલા, જી. અમરેલી**

તારીખ :- ૧૨-૩-૨૦૦૯, ફાગણ વદ - ૨
સમય :- સવારે ૧૧.૦૦ થી ૧.૦૦

સંપર્ક :- શ્રી ઘનશ્યામભાઈ - મો. ૯૩૭૪૨૩૮૦૬૦



ચાલો જલાલપોર-નવસારી
પધારો જલાલપોર-નવસારી
દશાબ્દિ ૧૦ મહોત્સવ
અંતર્ગત
શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ
આંતરરાષ્ટ્રીય
શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ
૨૦૦૯
કથા સમય બપોરે ૩.૦૦ થી ૬-૦૦ + રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦
આયોજક :- દશાબ્દિ મહોત્સવ સમિતિ તથા શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ - જલાલપોર,
નવસારી વતી પ્રમુખ શ્રી ધીરુભાઈ બી. દેવાણી - સાવરકુંડલા
તારીખ : ૧-૩-૦૯ થી ૭-૩-૦૯ સુધી
મહોત્સવ સ્થળ :- વ્રજધામ સોસાયટી, ધમધમીયા પુલ પાસે, જલાલપોર રોડ, નવસારી




ચાલો ભુપગઢ...
૨૧ મો વાર્ષિક પાટોત્સવ
અંતર્ગત
શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ
વક્તા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - સરધાર
આંતરરાષ્ટ્રીય
શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ
૨૦૦૯
તારીખ : ૧૭-૩-૦૯ થી ૨૫-૩-૦૯ સુધી
કથા સમય :- સવારે ૮-૩૦ થી ૧૧-૩૦ બપોરે ૩.૦૦ થી ૬-૦૦
આયોજક :- ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ યુવક મંડળ - ભુપગઢ
મહોત્સવ સ્થળ :- 'સરધાર રોડ' મું.ભુપગઢ, તા.જી. રાજકોટ
સંપર્ક : સંજય ભગત - મો. ૯૯૭૯૫૮૪૭૮૭, રાજેન્દ્રભાઈ - મો.૯૯૨૫૨૮૯૪૧૮
ભગવાન શ્રી સ્વામિનારાયણ

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રીધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમે ધર્મકુળ ભૂષણ આપણા સૌના પ્રેરણાદાતા, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની સુવાસને સુગંધભાવી કરનાર અને શ્રીજીમહારાજના આઠમા વંશજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના પનોતા સત્પુત્ર અને વારસદાર, રંગપંચમીના પુણ્ય પ્રભાતે પ્રગટેલા પરમાત્મા સ્વરૂપ લાડિલા લાલ

## પ.પૂ. ૧૦૮ શ્રી લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો અદ્‌ભૂત અને ભવ્ય

# ૩૯ મો જન્મજયંતી મહોત્સવ





## શ્રીહરિલીલામૃત કથા - મહામંત્ર લેખન

## રંગપંચમીનો રંગોત્સવ

વક્તા : પૂ.સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા
પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી-વડતાલ (હાલ-સરધાર)

# તા. ૧૧-૩-૦૯ થી ૧૫-૩-૦૯ સુધી



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી

કથા સમય : સવારે ૮-૩૦ થી ૧૧-૩૦ બપોરે ૩.૦૦ થી ૬-૦૦



આયોજક :- ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ - ગઢપુર પ્રદેશ

નિમંત્રક :- શ્રી રવજીભાઈ તથા હિંમતભાઈ ગોવિંદભાઈ રાખોલીયા - વેળાવદર

**મહોત્સવ સ્થળ : 'દુર્ગપુર ફાર્મ હાઉસ' મુ. સરંભડાના સિમાડે, તા. ગારિયાધાર, જી. ભાવનગર**

વ્યવસ્થાપક : ભરતભાઈ મો. ૯૩૭૫૧૮૫૬૦૭, રમેશભાઈ મો. ૯૩૭૫૦૨૪૭૬૦
ધનજીભાઈ મો. ૯૮૭૯૫૧૮૨૫૯, જયંતીભાઈ મો. ૯૮૨૫૪૨૩૧૭૫



**પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદી પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમે પરમાર ગ્રુપ ઓફ કંપની દ્વારા વસઈ(મુંબઈ)માં યોજાયેલ 'ભવ્ય શાકોત્સવ' (તા. ૨૬-૧-૨૦૦૯)**

૧. નવગજા હાથી પર પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય શોભાયાત્રા અને તેમાં જોડાયેલ મુંબઈ પરા વિસ્તારનો વિશાળ ભક્ત સમુદાય. ૨. પરમાર ગ્રુપ ઓફ કંપનીની સાઈટનું ઉદ્ઘાટન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૩. સભામંડપમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૪. પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગત કરતા પરમાર ગ્રુપના ચેરમેન શ્રી નિતેશભાઈ. ૫. પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય દર્શન અને અમૃતવાણીનો લાભ લેતા ભક્તજનો. ૬. પ.પૂ. લાલજી મહારાજશ્રીની આરતી ઉતારતા પરમાર ગ્રુપ પરિવાર. ૭. આરતીનો લાભ લેતા સમગ્ર ભક્ત સમુદાય. ૮. પરમાર ગ્રુપ ઓફ કંપનીના સભ્યોનું સન્માન કરતા મુંબઈ પરા વિસ્તારના અગ્રણી ભક્તજનો.

Shree Swaminarayan Chintan, February - 2009 Reg. No. GRJ - 517, Valid upto 31-12-2011, RNI No. GUJGUJ10785/06/1/03 - TC



પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં નિકોલ પ્રદેશના ધીરાવા ગામને આંગણે તા. ૩૧-૦૧-૦૯ના રોજ યોજાયેલ 'શાકોત્સવ'



પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમે સમઢકુંડળાને આંગણે તા. ૭-૨-૦૯ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ 'શાકોત્સવ'



- છબીકલા : શ્રીહરિ ડિજિટલ સ્ટુડિયો - સુરત, મો. ૯૮૨૫૦૩૦૨૫૦, પંકજ ભાલાળીયા - સુરત. મો. ૯૪૨૭૫૦૦૮૩૪

Printed and Published by Swami Viraktswarupdasji on behalf of Sardhar and Printed at Shreeji Art, GF-12, Ashirvad Shopping Center, Ashram RD, Paldi - A'MD. and Published from Shree Swaminarayan Temple - Sardhar, Dist-Rajkot - 360025. Editor - Sadhu Divyaswarupdas